# OCR ADVANCED SUBSIDIARY GCE IN GUJARATI (3866)

# OCE ADVANCED GCE IN GUJARATI (7866)

## Specimen Question Papers and Mark Schemes

These specimen assessment materials are designed to accompany the OCR Advanced Subsidiary GCE and Advanced GCE specifications in Gujarati for teaching from September 2000.

Centres are permitted to copy material from this booklet for their own internal use.

The GCE awarding bodies have prepared new specifications to incorporate the range of features required by new GCE and subject criteria.  The specimen assessment material accompanying the new specifications is provided to give centres a reasonable idea of the general shape and character of the planned question papers in advance of the first operational examination.

Candidate Name:..........................................................

Candidate Number:......................................................

Centre Number:...........................................................

# OCR Advanced Subsidiary GCE in Gujarati

## AS LEVEL

## GUJARATI

### READING AND WRITING

UNIT: 2892

**Specimen Paper**

Candidates answer on the question paper. No additional materials are required.
Use of dictionaries is **not** allowed in the examination.

**Time :** 3 hours

**INSTRUCTIONS TO CANDIDATES**

Write your name, Centre number and candidate number in the spaces at the top of this page.

Answer all questions in the spaces provided on this question paper. There are instructions about how to answer the questions above each item on the question paper.

**INFORMATION FOR CANDIDATES.**

The number of marks is given in the brackets ( ) at the end of each question or part question.

## વિભાગ - અ

### નીચે આપેલો 'કંટાળો' વિષેનો લેખ વાંચી સવાલોના જવાબ આપો.

## કંટાળો

મુંબઇથી અમદાવાદની ઊડતી મુલાકાતે આવેલી એક બહેને કહ્યું : "મારી પુત્રી દસ વરસની છે, શાળાએ જાય છે, પણ અવારનવાર ફરિયાદ કર્યા કરે છે કે મમ્મી, મને કંટાળો આવે છે ! હું એને હસીને પૂછું છું કે બેટા, કંટાળો ક્યાંથી આવે? કંટાળો કેમ આવે છે? એ કંઇ જવાબ આપતી નથી પણ કંટાળાની ફરિયાદ કર્યા જ કરે છે ! હું એને કહું છું કે તું કંઇક કામ કર - તારી બહેનપણીઓમાં વધુ હળવામળવાનું રાખ - તું તારા મનને કોઇ કામકાજમાં પરોવીશ તો પછી તને કંટાળો નહીં જ આવે !"

મને મનમાં ને મનમાં સવાલ ઊઠે છે કે આટલી નાની છોકરી કંટાળાની ફરિયાદ કરે છે ! મારી એક બહેનપણીની જુવાન પુત્રી પણ આવી જ ફરિયાદ કરે છે. એ મેડિકલનું ભણે છે ! એનો પ્રશ્ન કંઇક જુદો લાગે છે. તે પોતાની અંદર ને અંદર ખોવાયેલી રહે છે અને વખતોવખત ફરિયાદ કરે છે કે મને સખત કંટાળો આવે છે. કોઇ કોઇ વાર રડયા કરે છે! એકવાર તો તેણે તેની માતાને કહ્યું કે, મમ્મી મને એટલો બધો કંટાળો આવે છે કે મને થાય છે કે હું મરી જ જાઉં !

નાની ઉંમરના કિશોર-જુવાનોને કંટાળો આવે કે મોટી ઉંમરની વ્યકિતઓને કંટાળો આવે - કંટાળો આવવાની ફરિયાદ કરનાર દરેક જણને કદાચ ખબર નથી હોતી કે કંટાળો ક્યાંય બહારથી નથી આવતો - કંટાળો આપણી અંદરથી આવે છે. કંટાળો ઘટી રહેલા, એકદમ નીચી સપાટીએ ચાલ્યા ગયેલા જીવનરસ અંગેની લાલબત્તી, એટલે કે ચેતવણી છે.

વિખ્યાત મનોવૈજ્ઞાનિક કાર્લ યુંગે હતાશાને આ યુગના એક સૌથી મોટા વ્યાધિ તરીકે ઓળખાવી હતી. આપણે આજે 'કંટાળા'ને પણ આ યુગના એવા જ એક મોટા વ્યાધિ તરીકે ઓળખાવી શકીએ તેમ છીએ. અગાઉ કદી નહોતો એટલો 'કંટાળો' આજે આપણે જોઇએ છીએ.

એનાં કેટલાંક કારણો કલ્પી શકાય છે. એક તો એ કે અગાઉની ઊંડી ધાર્મિકતા રોજબરોજ માણસમાંથી ઘટતી જાય છે એટલે તે ઇશ્વરનો જ એક અંશ છે, તે તુચ્છ કે નજીવો નથી, તે કોઇ મહાન શકિતનો જ એક તણખો છે, એવી શ્રદ્ધા તેને રહી નથી અને તેથી માણસ 'નમ્રતા' વગર સ્પષ્ટ 'પામરતા'ની લાગણી અનુભવે છે અને તેને પોતાનું જીવન જ કશા હેતુ કે અર્થ વગરનું લાગે છે! બીજું, જૂના જમાનામાં માત્ર જીવતા રહેવા માટેનો જ જે જીવનસંઘર્ષ, એટલે કે મથામણ, માણસે કરવી પડતી હતી, એવી મથામણ આજે રહી નથી. પુરુષ ગમે તેટલી આકરી નોકરી કરે કે ધંધાનો ભાર ઉપાડે - તેના એકંદર કામના કલાકો ઓછા થયા છે.

( Extract from: " Abhiyan" Vol. 40 No. 666, 23.1.1999 Bhupat Vadodaria)

પાનું ઉલટાવો

(અ-૧.) નીચે આપેલાં વાકયો વાંચી તેને, "કંટાળો" લેખના સંદર્ભમાં, સુધારીને ફરીથી લખો.

ઉદાહરણ : મુંબઇથી વિમાનમાં ઊડીને અમદાવાદની મુલાકાતે આવેલા એક બહેન લેખકને મળ્યાં હતાં.

જવાબ : મુંબઇથી અમદાવાદની ઊડતી (ઝડપી/ટૂંકી) મુલાકાતે આવેલા એક બહેન લેખકને મળ્યાં હતાં.

સવાલ ૧. માત્ર કિશોરીઓ અને યુવતીઓને જ કંટાળો આવે છે.

જવાબ ૧. ..............................................................................

..............................................................................

..............................................................................

સવાલ ૨. ફકત શિયાળાની ઋતુમાં ઘરની અંદર પૂરાઇ રહેવું પડે તેથી કંટાળો આવે છે.

જવાબ ૨. ..............................................................................

..............................................................................

..............................................................................

સવાલ ૩. ઇશ્વરી શકિતમાં માનનાર માણસ બીકણ બની ડરી ડરીને જીવે છે.

જવાબ ૩. ..............................................................................

..............................................................................

..............................................................................

સવાલ ૪. શરીરમાં જીવનરસ એટલે કે લોહીનું પ્રમાણ ઓછું થવાને કારણે માણસ કંટાળો અનુભવે છે.

જવાબ ૪. ..............................................................................

..............................................................................

..............................................................................

સવાલ ૫. પ્રાચીનકાળમાં હવા-પાણી ચોખ્ખા હોવાથી માણસને કંટાળો આવતો ન હતો.

જવાબ ૫. ..............................................................................

..............................................................................

..............................................................................

(૧૫ ગુણ માહિતી માટે અને ૫ ગુણ ભાષાની ગુણવત્તા માટે છે. **કુલ ૨૦ ગુણ**)

પાનું ઉલટાવો

(અ-૨) નીચેની પહેલી કોલમમાં આપેલા દરેક અડધા વાક્યને પૂરું કરવા, બીજી કોલમમાંથી યોગ્ય અડધું વાક્ય શોધી, તે વાક્યનો અક્ષર (a,b,c,d,e.) ખાનામાં લખો.

| 1 | 2 | 3 | 4 | 5 |
|---|---|---|---|---|
| | | | | |

| પહેલી કોલમ | બીજી કોલમ |
|---|---|
| 1. કંટાળો ઘટી રહેલા | a. મનમાં જ જન્મે છે. |
| 2. અગાઉના સમયમાં | b. માણસો ઘણા ડરપોક હતા. |
| 3. ઇશ્વરમાં શ્રદ્ધા ન હોવાથી | c. જીવનરસ અંગેની ચેતવણી છે. |
| 4. કંટાળો માણસના | d. સહવાસમાં જન્મે છે. |
| 5. કામમાં ચિત્ત પરોવવાથી | e. જીવન અર્થહીન લાગે છે. |
| | f. માણસો ખૂબ ધાર્મિક હતા. |
| | g. આયુષ્યની નિશાની છે. |
| | h. જીવન ભયમુક્ત લાગે છે. |
| | i. કંટાળો દૂર ભાગે છે. |

(૫ ગુણ)

પાનું ઉલટાવો

(અ-૩) નીચે આપેલાં વાકયોના જેવા જ અર્થવાળાં વાકયો, 'કંટાળો' લેખમાંથી શોધીને, દરેક વાકયની નીચે આપેલી જગ્યામાં લખો.

ઉદાહરણ : તું તારા દિલને કશાક કાર્યમાં લગાડીશ.
તું તારા મનને કોઇ કામકાજમાં પરોવીશ.

1. નિરાશાને આ જમાનાના એક મોટામાં મોટા રોગ તરીકે ઓળખાવવામાં આવી હતી.

1. ..................................................................................................................

2. તે કોઇ ભવ્ય સામર્થ્યની (બળની) જ એક ચિનગારી છે.

2. ..................................................................................................................

3. તેને પોતાનું આયુષ્ય જ અહેતુક અથવા નિરર્થક લાગે છે.

3. ..................................................................................................................

4. કંટાળો ઓછી થતી જતી જીવન જીવવાની રુચિની અગમચેતી છે.

4. ..................................................................................................................

5. તે પરમાત્માનો જ એક ભાગ છે.

5. ..................................................................................................................

(ગુણ ૧૦)

પાનું ઉલટાવો

## વિભાગ - બ

### નીચેના ફકરાનું અંગ્રેજીમાં ભાષાંતર કરો.

ઘરમાં માતા-પિતાને એકબીજા સાથે ઝઘડતાં અને મારામારી કરતાં જોઇ, માતા-પિતા વચ્ચેના અણબનાવને જોઇ, બાળકો વિચારવા લાગે છે કે, આવી આક્રમક વિપત્તિ ક્યાંક આપણી જોડે પણ ન થાય? નજર સામે માતા-પિતાને લડતાં-ઝઘડતાં જોઇ, બાળકના મનમાં પણ એક પ્રકારની ભયની લાગણી જન્મે છે અને તેની અસર તેના મન પર છવાઇ જાય છે. એક વખત બાળકોનાં મન પર આવી લાગણીનો જન્મ થયા બાદ બાળકને પોતાના જીવનની સલામતી લાગતી નથી.

આથી બાળક માતા-પિતાથી દૂર થતું જાય છે! માતા-પિતા પ્રત્યેની જે લાગણી અને પ્રેમ બાળકોનાં મનમાં હોય છે તે પ્રેમ, લાગણી અને વિશ્વાસ જતો રહેવાથી, ઓછો થવાથી, બાળકોમાં પ્રેમ અને લાગણી, માતા-પિતા તરફ ઓછી થાય, એ સ્વાભાવિક વાત છે! માતા-પિતાને લડતાં-ઝઘડતાં જોતાં બાળક તેમનાથી દૂર રહેવા લાગે છે.

માતા-પિતાએ, બાળકોને માત્ર ખોરાક, કપડાં અને રહેઠાણ જ નહીં, પરંતુ તેમને ઘરમાં સલામતીભર્યું અને ઉષ્માભર્યું વાતાવરણ પૂરું પાડવું પણ જરૂરી હોય છે. ભાવનાત્મક સહાય ન મળતા બાળકો અસહાયતાની લાગણી અનુભવે છે અને તેઓ નિરાશા અનુભવે છે.

(Extract from: 'Stree', Vol.48. No 37, 27-2-99, page 34)

(ગુણ ૧૦)

ભાષાંતર: ------------------------------------------------------------

પાનું ઉલટાવો

પાનું ઉલટાવો

# વિભાગ - ક

**સવાલ:** નીચે આપેલો ફકરો વાંચી, તેમાંથી પ્રેરણા મેળવી, ગુજરાતમાં તમારા સ્વપ્નનું ઘર (સપનાનું ઘર) કેવું હશે, તે વિશે, આશરે ૨૦૦ શબ્દોમાં લેખ લખો.
ગુજરાતના હવામાન, સંસ્કૃતિ, રહેણીકરણી વગેરેને ધ્યાનમાં રાખી, ઘર અંગેની તેમજ ઘરની આસપાસના વાતાવરણ અંગેની વિગતો લખો.

ઉમેદવારે વિશેષ ગુણ મેળવવા માટે, નીચેના ફકરામાં આપેલા મુદ્દાનો સમાવેશ કરવો આવશ્યક છે.

(ગુણ ૫૫)



પ્રત્યેક માણસને જેમ પોતાનું ઘર હોય છે તેમ પોતાના ઘરની કલ્પના હોય છે. આ એક સપનું છે. કોઈકનું સાકાર થાય છે અને કોઈકનું નિરાકાર રહે છે. કોઈકને એમ હોય છે કે વૃક્ષોને અઢેલીને મારું ઘર ઊભું હોય, એના પર ગુલમહોર જેવો સૂરજ ઊગતો હોય, રસ્તાની બંને બાજું લીલું લીલું ઘાસ હોય, ઘાસમાં આળોટતો પવન હોય, પંખીના ટહુકામાં એકાંતનું આકાશ ઊઘડતું હોય, ખુલ્લાં બારી-બારણામાંથી ચાંદની પ્રવેશ કરતી હોય. આ ઘર મનમાં જ બંધાતું હોય છે. એ હોય છે સપનાના નકશા પર. હરીન્દ્ર દવેની બે પંક્તિ યાદ રાખવા જેવી છે:

" જ્યાં રોજ સાંજ ઢળતા ચરણો વળતા મેળે,
આ માર્ગ પછીની મંજિલ એ મારું ઘર છે."

( Extract form the article " ghar: sahvaas nahi pan sahjeevan. written by Suresh Dalal 'chitra lekha' visheshank 99, page-11)

પાનું ઉલટાવો

## વિભાગ - ૩

પાનું ઉલટાવો

- અંત -

**OCR** **Advanced Subsidiary GCE in Gujarati**

**AS LEVEL GUJARATI** **UNIT: 2892**

**READING AND WRITING**

**Specimen Paper**

**Marking Guidelines**

**( For Section – I: Part – A, Part – B and Part – C )**

# AS LEVEL – GUJARATI ( UNIT – 2892 )

*Marking Guidelines*

## SECTION – A
વિભાગ - અ

**(અ-૧)** TOTAL **20 Marks** (15 for contents + 5 for quality of language)

| | | ગુણ |
|---|---|---|
| ૧. | માત્ર કિશોરી અને યુવતીઓને જ નહીં પણ મોટી ઉંમરની સ્ત્રી તેમજ પુરુષોને પણ વત્તો-ઓછો કંટાળો આવે છે. / નાના તેમજ મોટા સૌને , સ્ત્રી તેમજ પુરુષોને પણ વત્તો-ઓછો કંટાળો આવે છે. | 3 |
| ૨. | કંટાળો, માત્ર શિયાળામાં જ નહીં પણ કોઇ પણ ઋતુમાં, ઘરની અંદર કે ઘરની બહાર, ગમે તે જગ્યાએ આવે છે. કંટાળો માણસના મનમાં જ જન્મે છે તેને સ્થળ કે ઋતુ સાથે કોઇ લેવાદેવા નથી./કંટાળો માણસની અંદરથી આવે છે તેને ઋતુ સાથે કંઇ લેવાદેવા નથી, વસંત કે બીજી કોઇપણ ઋતુમાં પણ કંટાળો આવે છે. | 3 |
| ૩. | ઇશ્વરની શકિતમાં શ્રદ્ધા રાખવાથી માણસને પોતાનું જીવન અર્થસભર / સહેતુક લાગે છે. તેનામાં હિંમત આવે છે. / ઇશ્વર તેની પડખે છે એવી શ્રધ્ધાને લીધે તે અભય બને છે, અથવા નિર્બળતાની લાગણી અનુભવતો નથી. | 3 |
| ૪. | શરીરમાં લોહીનું પ્રમાણ ઓછું થવાથી નહીં પણ માણસના પોતાના જીવનમાંથી રસ-રુચિ ઘટી જવાથી તેને કંટાળો આવે છે. અથવા માણસને પોતાનું જીવન જીવવામાં રસ ન રહેવાથી તે કંટાળો અનુભવે છે. | 3 |
| ૫. | પ્રાચીનકાળમાં હવા-પાણી ચોખ્ખા હતાં તે કારણે નહીં પણ માણસે જીવન જીવવા ઘણી મથામણ કરવી પડતી, અને તે તેમાં જ વ્યસ્ત રહેતો તેથી કંટાળી જવા માટે તેની પાસે એટલો ફાજલ સમય રહેતો જ ન હતો. | 3 |

(Total 15 marks for contents)

## Section - A

વિભાગ - અ (ચાલુ)

(અ-૨) કુલ ૫ ગુણ TOTAL **5 Makrs**

| 1 | 2 | 3 | 4 | 5 |
|---|---|---|---|---|
| c | f | e | a | i |

One mark is awarded for each correct answer.

(અ-૩) TOTAL 10 **Marks**

ગુણ

૧. હતાશાને આ યુગના એક સૌથી મોટા વ્યાધિ તરીકે ઓળખાવી હતી. ૨
૨. તે કોઈ મહાન શક્તિનો જ એક તણખો છે. ૨
૩. તેને પોતાનું જીવન જ કશા હેતુ કે અર્થ વગરનું લાગે છે. ૨
૪. કંટાળો ઘટી રહેલા, એકદમ નીચી સપાટીએ ચાલ્યા ગયેલા જીવનરસ અંગેની લાલબત્તી છે. ૨
૫. તે ઈશ્વરનો જ એક અંશ છે. ૨

Candidate Name:............................................................

Candidate Number:........................................................

Centre Number:............................................................

# OCR Advanced GCE in Gujarati

## READING COMPREHENSION AND TRANSLATION
## TOPICS AND TEXTS

## UNIT : 2893

**Specimen Paper**

Additional materials: Answer booklet.
Use of dictionaries is **not** allowed in the examination.

**Time :** 3 hours

**INSTRUCTIONS TO CANDIDATES**

**Write your name, Centre number and candidate number in the spaces provided on the answer booklet.**

There are **two sections** in this paper.

**Section 1: Reading Comprehension and Translation**
**Section 2: Topics and Texts**

Write your answers in the separate answer booklet provided.

**INFORMATION FOR CANDIDATES.**

Section:1 carries 25 marks and Section:2 carries 75 marks.

## વિભાગ - અ

"તાજ મહેલ" પરનો લેખ વાંચી, લેખના સંદર્ભમાં, અંતે આપેલા સવાલોના સંક્ષિપ્તમાં જવાબ લખો.

### તાજ મહેલ

રવીન્દ્રનાથ ટાગોર જેને "સમયના ગાલ પરનું અશ્રુબિન્દુ" કહે છે એવા તાજ મહેલનું કાગળ પર દોરેલું ચિત્ર, તેને આવરતી દંતકથા, તેની કવિતા અને તેની શૃંગારકથાને પર્યાપ્ત રીતે પાઠવી શકતું નથી. આગ્રાનો તાજ મહેલ એટલે 'રાજ મહેલ' અને હકીકતમાં તો તે, સ્થાપત્યકળારૂપે સુંદર, સૌથી સારી રીતે જળવાયેલી એક સમાધિ છે. અંગ્રેજ કવિ સર એડવિન આર્નોલ્ડે તાજને " બીજી ઇમારતોની જેમ સ્થાપત્યકળાનો એક ઘટક નહીં, પરંતુ જીવંત આરસપહાણોમાં ભંડારાયેલા, એક શહેનશાહના પ્રેમના ગર્વિલા મિજાજ તરીકે" સર્વોત્તમ રીતે વર્ણવ્યો છે. તાજ મહેલ સંગેમરમરમાં કંડારાયેલી સ્ત્રીનું એક પર્વ છે અને એ રીતે જ એનું મૂલ્યાંકન થઇ શકે.

તાજ મહેલ જમના નદીને કિનારે ઊભો છે. પાંચમા મોગલ શહેનશાહ શાહજહાંએ, તેની બીજી પત્ની મુમતાઝની સ્મૃતિમાં તાજ મહેલ બંધાવ્યો હતો. બરહાનપુરમાં, એક બળવાને દબાવવામાં મુમતાઝ તેના પતિને સાથ આપતી હતી તે દરમિયાન, તેમના ચૌદમાં બાળકને જન્મ આપ્યા બાદ, તે મૃત્યુ પામી હતી. આ મૃત્યુથી શહેનશાહ એટલો બધો પડી ભાંગ્યો હતો કે તેના તમામ વાળ અને દાઢીના વાળ થોડા મહિનામાં બરફ જેવા સફેદ થઇ ગયા હતા. જ્યારે મુમતાઝ હયાત હતી ત્યારે તેણે શહેનશાહ પાસેથી ચાર વચનો લીધા હતા: પહેલું, એ કે તે તાજ મહેલ બાંધે; બીજું, એ કે તે ફરીથી પરણે; ત્રીજું એ કે તે તેમના બાળકો પર દયા કરે; અને ચોથું એ કે શહેનશાહ તેની દર પુણ્યતિથિએ એની સમાધિની મુલાકાત લે. તેણે પહેલાં બે વચનો પાળ્યાં હતાં.

તાજ મહેલનું બાંધકામ ૧૬૩૧ની સાલમાં શરૂ થયું હતું અને તેને પુરૂં કરતાં વીસ હજાર માણસોને ૨૨ વરસ લાગ્યા હતાં. બાંધકામ માટે જરૂરી માલ, ભારતના ખૂણે ખૂણેથી અને મધ્ય એશિયામાંથી, લાવવામાં આવ્યો હતો અને એને સ્થળ પર લાવવા માટે ૧૦૦૦ હાથીનો કાફલો કામે લાગ્યો હતો. તાજને ઇરાનના સ્થપતિ ઉસ્તાદ ઉસાએ આકારિત કર્યો હતો અને પ્રેમની જે તીવ્રભાવનાને કારણે તાજ મહેલ બાંધવાની પ્રેરણા મળી તેની સાથે સ્થાપત્યકળા અને એની સજાવટને સાંકળવામાં આવે તો જ તેની સર્વોત્તમ કદર થઇ કહેવાય. તાજ મહેલ "સનાતન પ્રેમનું એક પ્રતીક છે".

તાજની કારીગરી એવી તો ઉત્કૃષ્ટ છે કે " એની યોજના કદાવર માણસોએ કરી અને એની સમાપ્તિ ઝવેરીઓએ કરી" એમ કહી એનું નિરૂપણ કરવામાં આવે છે. તાજમાં જો કોઇ વિષમતા હોય તો તે છે રાણીની સમાધિની પડખેની પશ્ચિમબુધ્ધિના ફળરૂપે મૂકાયેલી શહેનશાહની શબપેટી. શાહજહાંને તેના દીકરાએ રાજગાદી પરથી પદભ્રષ્ટ કરી આઠ વરસ માટે મહાન લાલ કિલ્લામાં કેદ કર્યો હતો તેમછતાં તેને તેના મૃત્યુ બાદ તાજ મહેલમાં દાટવામાં આવ્યો હતો. બંદીવાસ દરમિયાન તે તાજને નિરખતો રહયો હતો.

તમે ઉતાવળ કર્યા વિના, નિરાંતે તાજ મહેલની મુલાકાત લો તો, તમારી સામે તાજ મહેલ, એક સુંદર સ્ત્રીને આપેલી અંજલિરૂપે અને ચિરકાલીન પ્રેમના સ્મારક તરીકે, એની સૂક્ષ્મતાઓ પ્રગટ કરશે. તાજ મહેલના ખુદ લંબચોરસાકાર પાયામાં જ, સુંદર સ્ત્રીને નિરખવાના વિભિન્ન કોણની પ્રતીકાત્મકતા છે. તેનો મુખ્ય દરવાજો

પાનું ઊલટાવો

સ્ત્રીના ચહેરા પરના એક બુરખા જેવો છે જેને સુહાગરાતે નજાકતથી, હળવેથી, ઉતાવળ કર્યા વિના ઊંચકવામાં આવે છે. ભારતીય પ્રણાલિ અનુસાર નવવધુના સૌંદર્યના આવિષ્કાર માટે તેના ઘૂંઘટને હળવેથી ઊંચકવામાં આવે છે. તમે તાજના મુખ્ય દરવાજામાં ઊભા રહો એટલે તમારી દ્રષ્ટિ કમાન તરફ પડે જેમાં તમને તાજ મહેલ મઢાયેલો જોવા મળે.

ઘૂમટ શ્વેત સંગેમરમરનો બનેલો છે, પણ કબર નદી સામેના મેદાનની સામે રાખવામાં આવી છે અને આ પાર્શ્વભૂમિ જ તેના રંગોનો જાદુ પાથરી, તેના પ્રતિબિંબ દ્વારા તાજ મહેલનું દ્રશ્ય બદલે છે. દિવસના જુદા જુદા સમયે અને જુદી જુદી ઋતુઓમાં આ રંગો બદલાય છે. જ્યારે મુખ્ય કબર પરના સફેદ આરસપહાણમાં જડાયેલ અર્ધકિંમતી પથ્થરને ચંદ્રકિરણો સ્પર્શે છે ત્યારે તાજ મહેલ, એક રત્નની જેમ, ચાંદનીમાં ચમકી ઊઠે છે. તાજ મહેલ સવારે ગુલાબી, સાંજે દૂધ જેવો સફેદ અને ચાંદનીમાં સોનેરી લાગે છે. એમ કહેવાય છે કે આ ફેરફારો સ્ત્રીના વિભિન્ન મિજાજને નિરૂપે છે.

જુદા જુદા લોકો તાજ મહેલ માટે જુદા જુદા મંતવ્યો ધરાવે છે, તેમછતાં, જો તમે એમ સ્વીકારો કે તાજ પ્રેમનું એક સ્મારક છે તો, તાજની પોતાની એક જીવંતતા છે જે સંગેમરમરમાંથી રેલાય છે, એમ કહેવું પર્યાપ્ત ગણાશે. સ્થાપત્યકળાની એક શ્રેષ્ટ કૃતિ તરીકે એમાં કશું પણ ઉમેરી કે બાદ કરી શકાય એમ નથી.

<u>સવાલોના જવાબ લખો.</u>

સવાલ ૧. શાહજહાંના વિવિધ વ્યકિતગત પાસા વર્ણવો.

સવાલ ૨. મુમતાઝનું વ્યકિતચિત્ર દોરો.

સવાલ ૩. "તાજ મહેલ સંગેમરમરમાં કંડારાયેલી સુંદરીનું એક પર્વ છે." ચર્ચો.

સવાલ ૪. "તાજ મહેલની રચનાનો ઈતિહાસ એક શૃંગારકથા તેમજ સાહસકથાછે." તમારો અભિપ્રાય દર્શાવો.

સવાલ ૫. રવીન્દ્રનાથ ટાગોર તાજ મહેલને "સમયના ગાલ પરનું અશ્રુબિન્દુ" કહે છે. ચર્ચો.

પાનું ઊલટાવો

**વિભાગ - અ** ચાલુ

## નીચેના ફકરાનું ગુજરાતીમાં ભાષાંતર કરો.

The Indian government was this week forced to release a report saying the Taj Mahal would not be closed to visitors because of damage being done to the historic monument which is one of the wonders of the world.

Reports from India say marble steps and stones have cracked through the sheer weight of numbers of visitors, and pollution from vehicles, brick-works and Agra's many factories making iron products. Although 260 of the factories were ordered to be closed by the Supreme Court unless they switched from charcoal to gas, the damage has been done.

However, the Government statement denied speculation suggesting closure. The Archaological Survey of India confirms it is not contemplating such action. 106

The Taj Mahal was built by 20,000 labourers commissioned by the 17th century Emperor Shah Jahan for his favourite wife, Mumtaz - the couple are buried at the base of the building.

(Extract from: Gujarat Samachar [Asian Voice] 20 Nov.1998 page 21)

(વિભાગ - અ - વાંચન અને લેખન તેમજ ભાષાંતરના કુલ ૨૫ ગુણ)

પાનું ઉલટાવો

## *વિભાગ - બ*

**આ વિભાગમાં, ગમે તે બે સવાલોના જવાબ રસળતી શૈલીમાં લખો (દરેક જવાબ ઓછામાં ઓછા ૨૫૦ શબ્દોમાં લખો. કુલ ઓછામાં ઓછા ૫૦૦ શબ્દો).**

૧. ઇંગ્લેન્ડમાં વસતા ગુજરાતીઓ અને ગુજરાતમાં વસતા ગુજરાતીઓના જીવનની સરખામણી કરો .

અથવા

૨. "ઇંગ્લેન્ડમાં રહીને પણ ગુજરાતી પરિવાર સંયુકત જીવન જીવી શકે છે." ચર્ચો.

અથવા

૩. ઇંગ્લેન્ડના અર્થતંત્રમાં ગુજરાતીઓનો અમૂલ્ય ફાળો.

અથવા

૪. ગુજરાતી સમાજમાં ઉજવાતા ઉત્સવો દર્શાવે છે કે ગુજરાતીઓ ઉત્સવપ્રિય છે. ચર્ચો.

અથવા

૫. હિન્દુસ્તાનના ઐતિહાસિક ભાગલા અને એના પરિણામો.

અથવા

૬. "આફ્રિકાથી ગુજરાતીઓની થયેલી હકાલપટ્ટી ગુજરાતીઓના ખમીરને તોડી ન શકી." આ વિધાનની યોગ્યતા-અયોગ્તા ચર્ચો.

અથવા

૭. દરેક ક્ષેત્રે આગળ વધતી આજની ગુજરાતી યુવાપેઢી.

અથવા

૮. " ઇંગ્લેન્ડમાં યોજાતા ગુજરાતી કાર્યક્રમો ગુજરાતીઓની અસ્મિતાને પોષે છે." ચર્ચો.

૯. ગાંધીજીના અન્નાહારના, 'સભ્ય' બનવાના અને કરકસરના પ્રયોગો અંગે ચર્ચા કરો.

અથવા

૧૦. 'અલગારી રખડપટ્ટી'ના લેખકના લંડનના અનુભવોનું વર્ણન કરી, તમને હાલમાં થયેલા કોઇ એક અનુભવનું વર્ણન કરો.

અથવા

**પાનું ઊલટાવો**

વિભાગ - બ (ચાલુ)

૧૧. નરસિંહ મહેતાના વૈષ્ણવજનના ગુણોની વિગતે ચર્ચા કરો.

અથવા

૧૨. તમે શીખેલા કાવ્યોમાંથી ઉદાહરણો આપી મધ્યકાલીન કવિતા અને અર્વાચીન કવિતાના લક્ષણો ચર્ચો.

અથવા

૧૩. 'વિદેશયાત્રાના પ્રેરક પ્રસંગો'માંથી તમને કયા કયા પ્રસંગો સવિશેષ ગમ્યા? શા માટે? તમને ગમતા, તમારા જીવનમાં બનેલા કોઈ એક પ્રેરક પ્રસંગનું વર્ણન કરો.

અથવા

૧૪. સ્વામી સચ્ચિદાનંદની ભાષાશૈલીની વિશેષતાઓ પાઠ્યકૃતિને આધારે દર્શાવી, તેમણે કરેલી પરદેશ અને ભારતની તુલનાની ચર્ચા કરો.

અથવા

૧૫. રાજીવ <u>*અથવા*</u> અમિતાનું 'અજાણ્યા બે જણ'ને આધારે પાત્રાલેખન કરો.

અથવા

૧૬. નવલકથાકાર તરીકે મોહમદ માંકડની વિશેષતાઓ અને મર્યાદાઓ દર્શાવો.

(૭૫ ગુણ)

- અંત -

**OCR Advanced GCE in Gujarati**

**ADVANCED GCE IN GUJARATI UNIT: 2893**

**READING COMPREHENSION**

**Specimen Paper**

**Marking Guidelines**

**( For Section – A )**

Section – A Total 15 Marks for Reading Comprehension

વિભાગ - અ કુલ ૧૫ ગુણ

જવાબ ૧. શાહજહાં એક વ્યકિત/શહેનશાહ/પિતા/પતિ/પ્રેમી તરીકે; આ પાંચમાંથી ગમે તે ત્રણ પાસાનું વર્ણન. (દર એક પાસા માટે એક ગુણ)

૩ ગુણ

જવાબ ૨. મુમતાઝ એક વ્યકિત/રાણી /માતા /પત્ની/પ્રિયતમા તરીકે; આ પાંચમાંથી ગમે તે ત્રણ પાસાનું વર્ણન. (દર એક પાસા માટે એક ગુણ)

૩ ગુણ

જવાબ ૩. તાજને મળેલી એક સુંદરીની ઉપમા / સ્ત્રીને શોભે એવી તાજની સજાવટ / સ્ત્રીસહજ તાજના વિભિન્ન મિજાજો /સંગેમરમરનો ઉલેખ / તાજનું સૌંદર્ય; આ પાંચમાંથી ત્રણ બાબતોનો સમાવેશ. (દર એક બાબતનો એક ગુણ)

૩ ગુણ

જવાબ ૪. સંગેમરમરનો ઉલેખ/તાજના બાંધકામનો ઈતિહાસ/ તાજ સનાતન પ્રેમનું એક પ્રતીક /શાહજહાં અને મુમતાઝનો અમર પ્રેમ; આ ચારમાંથી ગમે તે ત્રણનો સમાવેશ. (દર એક બાબતનો એક એક ગુણ)

૩ ગુણ

જવાબ ૫. મુમતાઝ અને શાહજહાંનો પ્રેમ/મુમતાઝનું મૃત્યું/શાહજહાંની વિયોગ-વેદના/ શાહજહાંનો દીકરા દ્વારા રાજ્યભ્રષ્ટતા/શાહજહાંનો કારાવાસ; આ પાંચ બાબતોમાંથી ગમે તે ત્રણનો સમાવેશ. (દર એક બાબતનો એક એક ગુણ)

૩ ગુણ